**નવી વર્ધિત પેન્શન યોજના (NPS) તા.૧-૪-૨૦૦૫ થી ફરજ બજાવતા કર્મચારી/અધિકારીને નિવૃત્તિ/અવસાન સમયે જમા રજાનું રોકડમાં રૂપાંતર નિયમાનુસાર મળવા બાબત.**

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

સચિવાલય,ગાંધીનગર.

ઠરાવ ક્રમાંકઃ- નપન-૧૦૨૦૧૧-ડીર૪૫-(૧૦૯૬/૨૦૧૪)પી

તારીખઃ-૨૦-૧૦-૨૦૧૪.

વંચાણેલીધાઃ- (1) Government Of India Ministry Of Finance Services New Delhi O.M.F.No.1(7)(2)2003/TA/245, Dated 21-04-2004

(2) Government Resolution, Finance Department No. PGR-1098-20-M, Dated 19-02-1998

(3) The Gujarat Civil Services (Leave) Rules, 2002

(4) NPN-2003-GOI-10-P, Dated- 06-09-2005

(5) NPN-2003-GOI-10-P, Dated- 10-04-2013

(6) NPN-102011-(D-245)-P Dated 01-06-2013

(7) FOA-1092-UO-307-G2 (PART-1) Dated 24-02-1993

(8) FOA-1092-UO-307-G2 (PART-1) Dated 25-04-2006

ઠરાવઃ-

નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ ના ઠરાવથી તા. ૧-૪-૨૦૦૫ પછી દાખલ થનાર કર્મચારી/અધિકારીઓને નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવેલ છે. આ યોજના હેઠળ દાખલ થનાર કર્મચારી/અધિકારીઓની exit policy ભારત સરકારના ધોરણે નકકી થયેલ છે અને આ યોજના અંતર્ગત દાખલ થનાર કર્મચારી/અધિકારીઓ માટે વખતો-વખતના ઠરાવથી આ અંગેની નીતિ કેન્દ્ર સરકાર દ્વારા આખરી ન થાય ત્યાં સુધી અન્ય માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ કર્મચારી/અધિકારીઓ કે જેઓ તા.૧-૪-૨૦૦૫ પછી રાજય સરકારમાં નિમણૂંક પામેલ હોય તથા અગાઉ તા.૧-૪-૨૦૦૫ પહેલા રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળ સેવા બજાવેલ હોય તેવા કર્મચારીઓની સેવા સળંગ ગણી જૂની જી.પી.એફ.યોજનાનો લાભ આપવાનું ઉપરના સંદર્ભ દર્શિત ઠરાવ (૪) તથા (૫)થી ઠરાવેલ છે. સંદર્ભ દર્શિત ઠરાવ (૬) થી NPS હેઠળ એક સેવામાંથી બીજી સેવામાં જતા કર્મચારીઓ માટે એક જ PRAN નંબર ચાલુ રાખવાનું ઠરાવવામાં આવેલ છે. પરંતુ જે કર્મચારી/અધિકારી તા.૦૧/૦૪/૨૦૦૫ બાદ NPS હેઠળ નિમણૂંક પામી NPS હેઠળની જ બીજી સેવામાં જોડાય ત્યારે માત્ર રજાના હેતુથી સેવા સળંગ ગણવાની થાય તથા ત્યારબાદ રજાનું રોકડમાં રૂપાંતર મળવા બાબતે સ્પષ્ટતા થયેલ ન હતી.

વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ભારત સરકારના તા. ૨૧-૪-૨૦૦૪ના ઓફિસ મેમોરેન્ડમના મુદ્દા-(૧)થી અપાયેલ સ્પષ્ટતા મુજબ, રાજય સરકારમાં તા. ૧-૪-૨૦૦૫ પછી નિમણૂંક પામેલ કર્મચારી/અધિકારીઓ, જેઓને નવી વર્ધિત પેન્શન યોજના (NPS) લાગુ પડે છે તેમને ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમો મુજબ જ તેઓને નિવૃત્તિ/અવસાન સમયે જમા રજાનું રોકડમાં રૂપાંતર નિયમોનુસાર મળવાપાત્ર થશે તેમજ તા.૧-૪-૨૦૦૫ પછી રાજય સરકારમાં નિમણૂંક પામેલ કર્મચારી/અધિકારીઓ કે જેઓ રાજય/કેન્દ્ર સરકારની બીજી નોકરીમાં જોડાય અથવા કેન્દ્ર સરકારની એન.પી.એસ. યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારી/અધિકારી જો રાજય સરકારની સેવામાં જોડાય તો તેઓની ઉકત બન્ને સેવા માત્ર રજાના હેતુ માટે સળંગ ગણી તેને પણ નિવૃત્તિ/અવસાન સમયે રજાનું રોકડમાં

[P.T.O.]

રૂપાંતર નિયમાનુસાર મળવાપાત્ર થશે તેવું ઠરાવવામાં આવે છે. આ રીતે સેવા સળંગ ગણવા માટે નાણા વિભાગના વખતો-વખતના ઠરાવની અન્ય શરતો યથાવત્ રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક- (૬) અને (૭) સામેના ઠરાવ મુજબ આ યોજનાનો લાભ બોર્ડ/નિગમ/કોર્પોરેશનના કર્મચારીઓ કે જેઓ રાજ્ય સરકારની સેવામાંથી બોર્ડ/કોર્પોરેશનમાં કે બોર્ડ/કોર્પોરેશનમાંથી રાજ્ય સરકારની સેવામાં જોડાશે તેઓને મળવાપાત્ર થશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( કે. ડી. સુથાર )
નાયબ સચિવ (પેન્શન અને તિજોરીઓ)
નાણા વિભાગ.

**નકલ રવાના–**

*માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ પસંદગી સેવા મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીનાવડાઓ.
તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, (એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧-૨), અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ / ગાંધીનગર/નર્મદા/વડોદરા.
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ /કોર્પોરેશન/નિગમો.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, તમામ શાખાઓ (નાણા શાખાઓ સહિત)
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ (વેબસાઇટ પર મુકવા)
સીલેક્ટ ફાઇલ.

* પત્ર દ્વારા.

૫૪૩
૨/૨/૨૫

જા.નં. ન.કૃ.યુ./હિ.નિ./સીપીએફ/૧૧૨૨૧/૨૦૨૫
તા: ૦૨/૦૨/૨૦૨૫

નકલ જય ભારત સાથ રવાના:
૧) અત્રેની યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટ તરફ જાણ થવા સારૂ.

ઉપરોક્ત બાબતે યોગ્ય તથા ઘટતું થવા સારૂ.

હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી